# બિન સચિવાલય ક્લાર્કની પરીક્ષા શાંતિપૂર્ણ સંપન્ન

## સુરેન્દ્રનગરમાં પેપર સીલ તુટેલું હોવાનું કહી હોબાળો : બિનસચિવાલય ક્લાર્ક-ઓફિસ આસિસ્ટન્ટની ૩૯૦૧ જગ્યા માટે ૧૦.૪૫ લાખથી વધુ ઉમેદવારે પરીક્ષા આપી

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની બિનસચિવાલય ક્લાર્ક તથા ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની ૩૯૦૧ જગ્યાઓ માટે આજે



પરીક્ષા યોજાઈ હતી. પરીક્ષા એકંદરે શાંતિપૂર્ણ રહી હતી પરંતુ સુરેન્દ્રનગરમાં પરીક્ષા આપવા ગયેલા ઉમેદવારોએ પેપરનું સીલ તુટેલું હોવાનું કહીને હોબાળો મચાવ્યો હતો. સામાન્યરીતે વર્ગમાં પેપરનું પેકેટ સીલબંધ આવે છે અને ઉમેદવારોની હાજરીમાં તેનું સીલ તોડવામાં આવે છે. ઉમેદવારોની સહી પણ તેમાં લેવામાં આવે છે. સુરેન્દ્રનગરમાં આ પેકેટ ખુલ્લુ આવ્યું હતું. સાથે સાથે વિદ્યાર્થીઓના હસ્તાક્ષર પણ લેવામાં આવ્યા ન હતા. ઉમેદવારોએ ગેરરીતિની આશંકા સાથે હોબાળો મચાવ્યો હતો. સાથે સાથે પોલીસ તપાસની માંગ કરવામાં આવી હતી. બિનસચિવાલય ક્લાર્ક પરીક્ષા ફરી વિવાદમાં આવી હતી. દલિતો માટે વાંધાજનક શબ્દની પણ બાબતને લઈને હોબાળો થયો હતો. આજે હજારોની સંખ્યામાં ઉમેદવારો જોડાયા હતા. સમગ્ર ગુજરાતમાંથી ૧૦.૪૫ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. રાજ્યના દરેક જિલ્લામાં હજારોની સંખ્યામાં ઉમેદવારો સરકારી નોકરી મેળવવા પરીક્ષામાં જોડાયા હતા. અમદાવાદમાં ૧.૬૭ લાખ ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. નિર્ધારિત કાર્યક્રમ મુજબ જ ઉમેદવારો સવારે ૧૧ વાગે પરીક્ષા ખંડમાં પહોંચી ગયા હતા. પરીક્ષાનો સમય ૧૨થી બે વાગ્યા સુધીનો રહ્યો હતો. છેલ્લે ૨૦૧૬માં બિનસચિવાલય અને ઓફિસ આસિસ્ટન્ટની ૪૬૮૨ જગ્યા માટે પરીક્ષા યોજાઈ હતી જેમાં ૬૭૬૦૪૮ ઉમેદવાર બેઠા હતા. પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ૨૦૧૭માં નિમણૂંક આપવામાં આવી હતી. બેઠક વ્યવસ્થા ખુટી પડતા ચાર જિલ્લાના ૪૮૦૦૦ વિદ્યાર્થીઓને અન્ય જિલ્લાઓમાં ખસેડવામાં આવ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, છેલ્લે ૨૦૧૬માં પણ મોટી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. ધોરણ ૧૨ પાસ થયેલા ઉમેદવારો માટે સરકારી ક્લાર્ક બનવાની આ એક તક રહી હતી. મળેલા અહેવાલ મુજબ અગાઉ અનેક પ્રકારના વિવાદોના કારણે બિનસચિવાલય પરીક્ષા હાઈવોલ્ટેજ ડ્રામા તરીકે રહી હતી. સુરેન્દ્રનગરમાં આજે ફરી એકવાર હોબાળો મચી ગયો હતો. જો કે, પોલીસે પહોંચી જઈને મામલાને ઠાળે પાડ્યો હતો.

# ૭૦૦૦ દિવાની મહાઆરતીને લઈને લોકોમાં દિવ્યતા છવાઈ

અમદાવાદ, તા.૧૭

ખડાયતા કલ્ચરલ એન્ડ ક્રિએટિવ ગ્રુપના ઉપક્રમે ખડાયતા સશક્તિકરણ અંતર્ગત આજરોજ અમદાવાદ શહેરની સાબરમતી નદીના કિનારે રીવરફ્રન્ટ ખાતે ખડાયતા વૈષ્ણવ વણિક જ્ઞાતિના ઈષ્ટદેવ શ્રી કોટયર્ક પ્રભુના પ્રાગટ્યદિન પ્રસંગે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રાગટ્ય મહોત્સવ નિમિતે આજે શ્રી કોટયર્ક પ્રભુની સાત હજાર દિવાની ભવ્ય મહાઆરતી ઉતારવામાં આવી હતી, જેને લઈ સમગ્ર વિસ્તારમાં ભવ્ય દિવ્યતા છવાઈ ગઈ હતી. આ કાર્યક્રમના ભાગરૂપે મણિનગર એલજી કોર્નરથી લઈ સાબરમતી રિવરફ્રન્ટ સુધી વિશાળ રેલી-શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. દરમ્યાન ખડાયતા કલ્ચરલ એન્ડ ક્રિએટિવ ગ્રુપના પ્રમુખ શ્રી ગીરીશભાઈ જી. શાહ અને મુખ્ય યજમાન વિજયભાઈ ઠેકડીએ જણાવ્યું હતું કે, આજરોજ શ્રી કોટયર્ક પ્રાગટય મહોત્સવ દરમ્યાન અમદાવાદ તથા અમદાવાદની આસપાસ રહેતા ખડાયતા વૈષ્ણવ વણિકો પૈકી અંદાજે ૯૦૦૦ થી વધુ જ્ઞાતિબંધુઓ ઉમટયા હતા. આ પ્રસંગે શ્રી કોટયર્ક પ્રભુની ૭૦૦૦ દિવાની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાનમાં આજે મુખ્ય યજમાન શ્રી વિજયભાઈ જે ઠેકડીના નિવાસ સ્થાન દિપ આકૃતિ ફ્લેટ્સ, વ્યાયામ શાળા, મણિનગર ખાતેથી બપોરે ત્રણ વાગ્યે શ્રી કોટયર્ક પ્રભુની બગી, ડી.જે, કાર, સ્કુટર, એક્ટીવા, બાઈક સાથે રેલી સ્વરુપે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. વિશાળ શોભાયાત્રા રેલી સ્વરૂપે મણિનગર એલ.જી. કોર્નર થી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે પહોંચી હતી.

# ડીસામાં ત્યજી દીધેલ બાળકીને નવજીવન આપનાર જીવદયાપ્રેમી વિરુદ્ધ પોલીસ ફરિયાદથી વિવાદ

## ચાઈલ્ડ વેલ્ફેર બોર્ડના અમાનવીય વલણના પગલે જીવદયાપ્રેમીઓમાં રોષ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં ત્યજી દેવામાં આવેલી એક નવજાત બાળકીને લઈ વિવાદનો વંટોળ પેદા થવા પામ્યો છે નિષ્ઠુર માતા દ્વારા ત્યજી દેવાયેલ બાળકીની જીવદયા પ્રેમીઓએ માનવીય અભિગમ દાખવી દોઢેક લાખ રૂપીયા ખર્ચી સારવાર કરવામાં આવી હતી તેમછતાં ચાઈલ્ડ વેલ્ફેર બોર્ડે અમાનવીય વલણ દાખવી જીવદયા પ્રેમી સામે ખોટી પોલીસ ફરિયાદ નોંધાવતા તેના જીવદયા પ્રેમીઓ અને શહેરીજનોમાં ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે.

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તાર માંથી ગત તારીખ ૮ / ૧૦/ ૧૯ ના રોજ કોઈ નિષ્ઠુર માતાએ માસુમ બાળકીને ત્યજી દીધી હતી જે બાળકીને આસપાસના લોકોએ જોતાં આ મામલે તેમણે પોલિસનું ધ્યાન દોર્યુ હતું અને પોલીસે ૧૦૮ વાન મારફત બાળકીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી જો કે બાળકીને ન્યુમોનિયા થઈ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી બાદમાં મોડે મોડે જાગેલ ચાઈલ્ડ વેલફેર બોર્ડ ટીમના સભ્યો આ બાળકીનો કબજો લેવા પોલિસ બંદોબસ્ત સાથે ડીસાની હાઈવે સ્થિત ખાનગી હોસ્પિટલમાં પહોંચ્યા હતા. જ્યાં ચાઈલ્ડ વેલફેર બોર્ડના અધિકારીએ કહ્યું હતું કે સિવિલમાં આ બાળકીને સારવાર આપવાનો કાયદામાં પ્રબન્ધ છે પરંતુ જીવદયા પ્રેમીઓએ કહ્યું હતું કે હાલમાં કાયદાનો નહિ પણ બાળકીના સ્વાસ્થ્યનો સવાલ છે બાળકોના ડૉક્ટરએ પણ કહ્યું હતું કે હાલમાં બાળકીને ન્યુમોનિયા થઈ ગયો હોઈ તેને ડિસ્ચાર્જ આપી શકાય નહીં કેમ કે કાયદા કરતા આ બાળકીનું જીવન કિંમતી છે જોકે આ બાબતે જીવદયા પ્રેમીઓએ વધુમાં જણાવ્યું હતું કે અમે તાત્કાલિક સારવાર કરાવી આ બાળકીને નવજીવન આપ્યું છે પણ હાલમાં બાળકીની હાલત નાજુક હોઈ મોડી સાંજે ચાઈલ્ડ વેલફેર બોર્ડના સભ્યોની કમિટી દ્વારા હંગામી ધોરણે સારવાર માટે આ બાળકીનો કબજો જીવદયા પ્રેમીઓને આપવામાં આવ્યો હતો તેમછતાં બાળકીને વધુ સારવારની જરૂર હોઈ ચાઈલ્ડ વેલફેર બોર્ડ દ્વારા આ બાળકીને સારવાર અર્થે જિલ્લા બહાર મુકવા મંજૂરી આપતા તેને સારવાર અર્થે સુરત હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી એટલું જ નહીં, બાળકીનો જીવ બચાવનાર ભરતભાઈ કોઠારી ઉપર વેલફેર બોર્ડના નરેશભાઈ વિરાભાઈ મેણાત જિલ્લા બાલ સુરક્ષા અધિકારી દ્વારા ડીસા ઉત્તર પોલીસ મથેકે તા. ૧૫/૧૧/૧૯ ના રોજ અપરહણની ફરિયાદ કરવામાં આવી હતી જેને લઈને અન્ય જીવદયા પ્રેમીઓમાં આક્રોશ વ્યાપી જવા પામ્યો હતો.

# અંબાજીમાં સંતોની ઉપસ્થિતિમાં મહાયજ્ઞની કરાયેલી પૂર્ણાહુતિ

સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ખાતે તા.૭મી નવેમ્બરથી ભવ્ય કળશ શોભાયાત્રા સાથે ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનો વિધિવત્ પ્રારંભ થયો હતો. છેલ્લા દસ દિવસથી ચાલતાં અને વિશ્વ શાંતિના ઉમદા હેતુસર તા.૭મી નવેમ્બરથી તા.૧૭ નવેમ્બર,૨૦૧૯ દરમ્યાન રાજયમાં સૌપ્રથમવાર અંબાજીના ખેડબ્રહ્મા રોડ પર જૂની કોલેજ કમ્પાઉન્ડ સંસ્કૃત પાઠશાળા ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞનું આજે ભવ્યાતિભવ્ય સમાપન અને પૂર્ણાહુતિ થઈ હતી. આ પ્રસંગે દેશભરમાંથી આવેલા સાધુ-સંતો, મહંતો, મહામંડલેશ્વરો સહિતના મહાનુભાવો અને હજારો શ્રધ્ધાળુ ભકતો માટે મહાપ્રસાદ અને ભંડારાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આજે ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞની પૂર્ણાહુતિ પ્રસંગે સાધુ-સંતો અને મહામંડલેશ્વર, મહંતો સહિતના મહાનુભાવો દ્વારા વિશેષ આશીર્વચન આપવામાં આવ્યા હતા. વિશ્વ શાંતિના ઉમદા આશયથી યોજાયેલા આ ભવ્ય અને ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞને લઈ ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ બ્રહ્મભટ્ટ અને પાયલોટ બાબા સેવા સમિતિના કન્વીનર જગદીશભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, શ્રી અંબાજી માતાજીની પ્રેરણાથી શ્રી ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટ, સુભાષ ચોક, મેમનગર, અમદાવાદના સંકલ્પથી તેમ જ શ્રી આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી, દાંતા સ્ટેટના યુવરાજ રિધ્ધિરાજસિંહજી, શ્રી અંબાજી મંદિરના પૂજારી શ્રી કશ્યપભાઈ ઠાકર અને શ્રી પાયલોટ બાબા સેવા સમિતિના સહકારથી હિમાલયની સિધ્ધ પરંપરાના વિશ્વ વિખ્યાત સંત મહાયોગી મહામંડલેશ્વર અને નાસિક પીઠના પીઠાધિશ્વર શ્રી પાયલોટ બાબાના સાનિધ્યમાં ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞ યોજાયો હતો. આ ઐતિહાસિક ૧૦૮ કુંડી શ્રી દશ મહાવિદ્યા મહાદેવી મહાયજ્ઞના ભવ્ય ધાર્મિક પ્રસંગમાં ભાગ લેવા ભારતભરમાંથી હજારો સાધુ-સંતો, મહામંડલેશ્વરો, મહાત્માઓ, વિદેશી મહેમાનો અને રાજકીય મહાનુભાવો ખાસ આવ્યા હતા. ભીડભંજન હનુમાનજી ધાર્મિક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી કમલેશભાઈ બ્રહ્મભટ્ટ અને પાયલોટ બાબા સેવા સમિતિના કન્વીનર જગદીશભાઈ બ્રહ્મભટ્ટે ઉમેર્યું કે, તા.૭મી નવેમ્બરે કળશ-શોભાયાત્રા સાથે પ્રારંભ થયેલા ૧૦૮ કુંડી મહાયજ્ઞમાં તા.૮મી નવેમ્બરથી તા.૧૭મી નવેમ્બર સુધી દરરોજ અનુક્રમે મહાદેવી શ્રી મહાકાળી દેવી, શ્રી તારાદેવી, શ્રી ષોડશોદેવી, શ્રી ભુવનેશ્વરી દેવી, શ્રી ભૈરવી દેવી, શ્રી છિન્નમસ્તકા દેવી, શ્રી ધુમાવતી દેવી, શ્રી બગલામુખી દેવી, શ્રી માતંગીદેવી અને શ્રી કમલા દેવી એમ એક-એક મહાદેવીનો યજ્ઞ યોજાયા હતા.

### ગાજશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રથમ સત્રમાં બંને ગૃહોમાં ચાવીરુપ ખરડા પાસ કરવામાં આવ્યા હતા જેમાં એક ત્રિપલ તલાકની પ્રથાને લઈને બિલ અને અન્ય નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીને વધુ સત્તાઓ આપવા સાથે સંબંધિત બિલ રહ્યું હતું. બંને ગૃહોમાં પ્રથમ સત્ર દરમિયાન જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપનાર કલમ ૩૭૦ની નાબૂદીનું બિલ પણ પાસ કરવામાં આવ્યું હતું.

### સરકાર બનાવશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૯મી ઓક્ટોબરના દિવસે આઠવાલેએ શિવસેનાને અપીલ કરી હતી કે, મુખ્યમંત્રી પદની માંગને લઈને જિદ્દી વલણ અપનાવવાની જરૂર નથી. શિવસેનાએ નાયબ મુખ્યમંત્રી પદ લેવાને લઈને સહમત થઈ જવાની જરૂર છે. આઠવલેએ ઉદ્ધવ ઠાકરેને અપીલ કરતા કહ્યું હતું કે, શિવસેનાને મુખ્યમંત્રી પદ મળી જશે તેમ લાગતૂ નથી.

### ખેંચતાણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવાની માંગ પૂર્ણ ન થવાની સ્થિતિમાં ટીડીપીએ એનડીએ સાથે છેડો ફાડી લીધો હતો. બિહારમાં ભલે ભાજપ અને નીતિશકુમારની પાર્ટી એક સાથે છે પરંતુ મતભેદોના સમાચાર આવતા રહે છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯ બાદ જેડીયુએને મોદી કેબિનેટમાં એક મંત્રીની તક આપવામાં આવી હતી.

### અતિતની આજ... ● ચોથા પાનાનું ચાલુ

એ મહેમાનગૃહના માલિકને ફોન પર પૂછાવ્યું કે મારી ઈચ્છા છે તમારા મહેમાનગૃહમાં મૃત્યુને ભેટું. તમને વાંધો તો નથીને? સ્વાભાવિક રીતે આ મહામાનવની આ ઈચ્છાને કોઈપણ અવગણી ના શકે. તેમણે પોતાના છ અંતેવાસીઓ સાથે ચર્ચા કરી જીવનલીલા સંકેલી લેવાનો એ દિવસ નકકી કરી લીધો હતો. વાત ખૂબ ગુપ્ત રખાઈ હતી. એ છ જણાને જ એમની અંતિમ ક્રિયા કરવાનું સૂચવ્યું હતું. પૂજય મોટા એક કક્ષમાં ગયા. સાથીઓને અમુક સમય પછી અંદર આવવા કહયું હતું. એમણે જીવનલીલા સંકેલી લીધી હતી. પૂજય મોટાના અંતિમસંસ્કાર એ છ જ અંતેવાસીઓએ કર્યાં. પોતાની પ્રેરણાથી શિક્ષણ અને વિજ્ઞાન ક્ષેત્રે અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ સ્થાપવાના સંજોગો સર્જનાર પૂજય મોટા જેવી મહાન વિભૂતિએ કોઈ ઠઠારા વિના જ વિદાય લીધી હતી.''

૨૬ ઓકટોબર ૨૦૧૦ના દિવસે શિક્ષણમહર્ષિ મૃત્યુના મહોત્સવની આનંદભેર વાત કરે છે ત્યારે પોતાના ગુરુ પ્રમુખસ્વામી મહારાજને ખૂબ આદરભેર સ્મરે છે. પોતાને ચારુતર વિદ્યામંડળની જવાબદારી સંભાળવાની આજ્ઞા અને બળ પૂરું પાડનાર પ્રમુખસ્વામી મહારાજના આર્શીવાદનો ઉલ્લેખ કરે છે. ચારુતર વિદ્યામંડળમાં પોતાની મંત્રીપરિષદના પ્રામાણિક અને સંનિષ્ઠ સાથીઓ તથા પોતાનામાં વિશ્વાસ મૂકનાર દાતાઓ અને સમગ્ર ચરોતરના સહકાર વિના પોતે આ બધું ના કરી શકયા હોત એવું વિનમ્રભાવે કહે છે. વિશાળ સીવીએમ પરિવારના આ મોભીના શિક્ષણયજ્ઞ અને સેવાયજ્ઞને સલામ,પણ હોદ્દાપર રહેવાની એમની મહેચ્છાએ એમને માટે ચૂંટણીમાં પરાજયને અકારો કરી મૂક્યો અને ખોળિયું છોડીને મોટા ગામતરે ઉપડ્યા. જોકે એમનીઘણી બધી મહેચ્છાઓ અધૂરી રહી પરંતુ એમનાં અધૂરાં રહેલાં સ્વપ્નને એમના અનુગામી સૂત્રધારોએ પૂરાં કરવાનો સંકલ્પ કર્યો હોવાથી શિક્ષણ મહર્ષિનો જીવ સદગતિને જરૂર પામ્યો હશે. શનુભાઈ અને આ લેખકની એક વાત એ ના સ્વીકારી શક્યા કે યોગ્ય વેળાએ કોઈપણ હોદ્દેથી નિવૃત્તિ સ્વીકારી લેવામાં જ માનમરતબો જળવાય છે, અન્યથા અપમાન મોતથી ય ભૂંડું લાગે.

- haridesai@gmail.com

### યાદી તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ બ્લોક નં સહીતના આવાસોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં બિન અધિકૃત કબજેદારોનુ લીસ્ટ તૈયાર કરાઈ રહ્યુ છે. આગામી દિવસોમાં બિનઅધિકૃત કબજેદારોને દુર કરવા માટે પણ કડક કાર્યવાહી હાથ ધરાશે. દાયકા પુર્વે સરકારી આવાસોમાં બિન અધિકૃત કબજેદારો સહીત પેટા ભાડુઆતો હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી .જયારે આ ફરિયાદોના અંતે તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી. સ્થાનિક ઈન્કવાયરી કક્ષાએ જવાબદાર સામે પગલા પણ લેવાયા હતા. હાલ શહેરમાં આવાસો તોડવાની તેમજ બનાવાની કામગીરી વચ્ચે મકાનોની સંખ્યા પુરતી નથી કર્મચારીઓને ફાળવવા લાયક આવાસો રહ્યા નથી. ત્યારે બિનઅધિકૃત કબજો હોય તેવા કીસ્સામાં તંત્ર કક્ષાએથી કડક કાર્યવાહી કરી આવાસને કબજામુક્ત કરવા માટે કામગીરી હાથ ધરાશે.

### ઉપાયો સૂચવે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ અંગે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વિધિવત દરખાસ્ત મળી જતાં આ અંગેની કાર્યવાહી હાથ ધરવાની થશે. આ માટેની તૈયારીઓ અંગે પણ જરૂરી પરામર્શ કરવામાં આવ્યો હતો.

આ બન્ને અંડરપાસ જે બનશે તેને કારણે સ્વર્ણિમ પાર્ક એક સળંગ ગ્રીનરી ધરાવતો સૌથી મોટો વિસ્તાર થશે. આના કારણે મહાત્મા મંદિરને પણ અનોખો નિખાર મળશે. એક અન્ડર પાસ સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત અને એક રાજ્ય સરકાર દ્વારા બનાવવામાં આવી રહેલ છે. આ અન્ડર પાસ બનાવવા પાછળ ૧૫૦ કરોડથી વધુનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે જે નોંધનીય છે.

### તાકિદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તેને લઈ તેમણે નારાજગી પણ વ્યક્ત કરી હતી. પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ પ્રજાભિમુખ બનાવવા માટે તેમણે વિકાસના કામોને ઝડપથી મંજૂરી મળે તે જોવા આગ્રહ કર્યો હતો તેમજ તેનુ સતત અને સઘન મોનીટરીંગ થાય તે જોવા પણ કહ્યુ હતુ.

ધારાસભ્યો સહિતના પદાધિકારીઓના પત્રોના જવાબ પણ સમય-મર્યાદામાં જ આપી દેવામાં આવે તે માટે કડક તાકીદ આ બેઠકમાં કરી હતી. તેમણે આ બેઠકમાં જણાવ્યુ હતુ કે પછીની બેઠકમાં તે આ મુદ્દે ખાસ સમીક્ષા કરવા માગે છે. આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ મનીષાબેન પટેલ, ગ્રામ વિકાસ એજન્સી સહિતની વિવિધ શાખાના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### પ્રદર્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિવસેના સરકાર બનાવવા જઈ રહી છે. મુખ્યમંત્રી પણ શિવસેનાના જ રહેશે. રાવતે કહ્યું હતું કે, ઉદ્ધવ ઠાકરેએ બાલાસાહેબને જે વચન આપ્યું હતું તે પૂર્ણ થશે. મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને શિવસેના, એનસીપી અને કોંગ્રેસ વચ્ચે વાતચીત ચાલી રહી છે.


## ધાનેરા નગરપાલિકા

### ઓનલાઈન ટેન્ડર

### જાહેર નિવિદા - ૨૦૧૯

નગરપાલિકા ધાનેરા દ્વારા ૧૪માં નાણાપંચની ગ્રાન્ટમાંથી નગરપાલિકા ધાનેરા વિસ્તારમાં બનતા નવીન ઓવરબ્રીજની કામગીરીમાં આવતી પીવાના પાણીની પાઈપ લાઈનની કામગીરી માટે રૂ. ૭૯.૩૫ લાખના કામ માટે માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન મંગાવવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ www.nprocure.com ઉપર તા. ૨૦/૧૧/૨૦૧૯ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે રિજેકટ કરવા અંગેનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે. હાર્ડકોપીમાં કામનું નામ તથા ડૉક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરમાં લખવાની રહેશે.

| અનુ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ તારીખ | તા. ૨૦/૧૧/૨૦૧૯ થી તા. ૫/૧૨/૨૦૧૯ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર ઓનલાઈન સબમીશન | તા. ૫/૧૨/૨૦૧૯ના રોજ ૧૮.૦૦ કલાક સુધી |
| ૩ | ટેન્ડર ફી, ઈએમડી (બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિ) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં 'ચીફ ઓફીસર' નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૯/૧૨/૨૦૧૯ સાંજે ૫.૦૦ વાગે સુધી. |
| ૪ | ટેન્ડર ઓપનીંગ | તા. ૧૧/૧૨/૨૦૧૯ (સંભવિત) |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે.

| એસ.એમ. અન્સારી | ઉગમબેન મોડસીહ રાજપૂત | વસંતીબેન વી. ગલચર | યુસુફખાન એમ.બેલીમ |
|---|---|---|---|
| મુખ્ય અધિકારી | ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| નગરપાલિકા ધાનેરા | પાણી પુરવઠા સમિતિ | નગરપાલિકા ધાનેરા | નગરપાલિકા ધાનેરા |



